**વંચાણે લીધા :**

**(૧)** પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૪૯/૨૦૧૮, તા.૨૬/૧૨/૨૦૧૮ તથા

**(૨)** પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૧૪/૨૦૨૦, તા.૬/૭/૨૦૨૦ અન્વયે.

# જાહેરનામું

પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૧૭/૨૦૨૨,
તા.૨૯ /૦૪/૨૦૨૨

હું, સંજય શ્રીવાસ્તવ, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં રાજપુર–ગોમતીપુર રોડ ઉપર કાંકરીયા પુર્વ મેટ્રો સ્ટેશન બનાવવાની કામગીરી અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ /ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :–**

**પ્રથમ તબક્કો (ફેઝ–૧) :** અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત રાજપુર ટોલનાકા ચાર રસ્તા મધ્ય ભાગ (અક્ષાંશ–રેખાંશ : ૨૩.૦૧૫૮૬૩, ૭૨.૬૦૭૧૨૮) થી સેન્ટ જોસેફ સ્કુલ કોર્નર પાસે રાજ ફ્લાવર ફેકટરી (નેપાળ આટા ચક્કી) (અક્ષાંશ–રેખાંશ : ૨૩.૦૧૪૫૭૫,૭૨.૬૦૭૧૨૨) સુધીનો સમગ્ર રોડ રાજપુર ટોલ નાકાથી સેન્ટ જોસેફ સ્કુલ તરફ આવતા બાંધકામ અનુસંધાને કોઇપણ પ્રકારની હોનારત ન સર્જાય તે માટે જરૂરીયાત મુજબનો રસ્તો ફક્ત આજુબાજુના રહીશોને ચાલતા તેમજ ટુ વ્હીલર વાહન લઇને અવર જવર કરવા માટે ખુલ્લો રાખી બાકીનો સમગ્ર રોડ બેરીકેડ લગાવી તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી બંધ રહેશે.

➢ **વૈકલ્પીક રૂટ :–**

**(૧)** રખિયાલ રોડ તથા રાજપુર ટોલ નાકાથી અનુપમ બ્રીજ અંબિકા મીલ ત્રણ રસ્તા તરફ જવા માટે રાજપુર ટોલનાથી ડાબી બાજુ વળી પોપટીયાવાડ ત્રણ રસ્તાથી જમણી બાજુ વળી સીધા રાજપુર ચોક ચાર રસ્તાથી જમણી બાજુ થઇ સેન્ટ જોસેફ હાઇસ્કુલ કોર્નરથી ડાબી બાજુ વળી સીધા અનુમ બ્રીજ અંબિકા મીલ ત્રણ રસ્તા તરફ જઇ શકાશે અને તેજ રૂટ મુજબ અંબિકા મીલથી રાજપુર ટોલનાકા તથા રખિયાલ રોડ તરફ જઇ શકાશે.

**બીજો તબક્કો (ફેઝ–૨) :** રાજપુર ટોલનાકા ચાર રસ્તા મધ્ય ભાગ (અક્ષાંશ–રેખાંશ :૨૩.૦૧૫૮૬૩, ૭૨.૬૦૭૧૨૮) સુધી બિજા તબક્કા (ફેઝ–૨) નું કામકાજ થનાર હોઇ જેથી એસ્કવાયર મેન્સવેર નામની દુકાન સામે (અક્ષાંશ–રેખાંશ : ૨૩.૦૧૬૬૪૩,૭૨.૬૦૭૦૭૭) થી સેન્ટ જોસેફ સ્કુલ કોર્નર પાસે રાજ ફ્લાવર ફેકટરી (નેપાળ આટા ચક્કી) (અક્ષાંશ–રેખાંશ : ૨૩.૦૧૪૫૭૫, ૭૨.૬૦૭૧૨૨) સુધીનો સમગ્ર રોડ એસ્કવાયર મેન્સવેર નામની દુકાનથી સેન્ટ જોસેફ સ્કુલ તરફ આવતા બાંધકામ અનુસંધાને કોઇપણ પ્રકારની હોનારત ન સર્જાય તે માટે જરૂરીયાત મુજબનો રસ્તો ફક્ત આજુબાજુના રહીશોને ચાલતા તેમજ ટુ વ્હીલર વાહન લઇને અવર જવર કરવા માટે ખુલ્લો રાખી બાકીનો સમગ્ર રોડ બેરીકેડ લગાવી તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી બંધ રહેશે.

➢ **વૈકલ્પીક રૂટ :-**

**(૧)** અનુપમ બ્રીજ અંબિકા મીલ ત્રણ રસ્તાથી ગોમતીપુર થઇ રખિયાલ મુખ્ય રોડ તરફ જવા માટે અંબિકા મીલ ત્રણ રસ્તાથી રાજપુર ગોમતીપુર રોડ ઉપર આગળ જતા સિલ્વર પોલીસ ચોકી ત્રણ રસ્તાથી જમણી બાજુ વળી શ્રી ઉમેદભાઇ પરમાર માર્ગ ઉપર સીધા રાજપુર ચોક ચાર રસ્તાથી જમણી બાજુ વળી શ્રી પિતામ્બરભાઇ જલાભાઇ માર્ગ ઉપર રાજપુર પોસ્ટ ઓફીસ ચાર રસ્તાથી ડાબી બાજુ વળી મોતિભાઇ પરમાર ચોક ત્રણ રસ્તાથી સીધા ગોમતીપુર પોલીસ સ્ટેશન સામેના ત્રણ રસ્તાથી રખિયાલ મુખ્ય રોડ ઉપર જઇ શકાશે અને તેજ રૂટ મુજબ રખિયાલ મુખ્ય રોડથી અંબિકા મીલ ત્રણ રસ્તા અનુપમ સિનેમાં રોડ તરફ આવી શકાશે.

**(૨)** ખોખરા તરફથી ગોમતીપુર અંદરના વિસ્તાર અથવા તો રખિયાલ રોડ તરફ અવર જવર કરવા માટે અનુપમ ચાર રસ્તાથી જમણી બાજુ વળી શ્રી ખાંડુભાઇ દેસાઇ માર્ગ ઉપરથી લાલમીલ ચાર રસ્તા તથા બળીયાકાકા ચાર રસ્તાનો ઉપયોગ કરી ગોમતીપુર અંદરના વિસ્તારમાં અવર જવર કરી શકાશે તથા આજ રોડ ઉપર સીધા રખિયાલ રોડ તરફ અવર જવર કરી શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ,એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને જાહેરનામું પ્રસિદ્ધ થયેથી ફેઝ-૧ તથા ફેઝ-૨ ની કામગીરી દરમિયાન તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુકત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૯/૦૪/૨૦૨૨ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

તા.૨૯/૦૪/૨૦૨૨
અમદાવાદ શહેર

( સંજય શ્રીવાસ્તવ )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.,પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરશ્રીની કચેરી, સુભાષબ્રીજ સર્કલ પાસે,અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, નામ.ગુજરાત હાઇકોર્ટ,સોલા, અમદાવાદ
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અ.મ્યુ.કો., દાણાપીઠ, સરદાર પટેલ ભવન, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/– જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :–**

(૧) સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર–૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક,વિશેષ શાખા, વહીવટ, અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/– ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.
(૭) વિભાગીય નિયામકશ્રી, G.S.R.T.C., ગીતામંદીર, આસ્ટોડીયા દરવાજા પાસે, અમદાવાદ શહેર
(૮) જનરલ મેનેજરશ્રી,B.R.T.S.,જનમાર્ગ લિ., મધ્ય ઝોનની કચેરી, અ.મ્યુ.કો., ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે, અમદાવાદ શહેર
(૯) ડાયરેક્ટરશ્રી, A.M.T.S., અમદાવાદ મ્યુનિ.ટ્રાન્સપોર્ટ સર્વિસ, અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૧૦) જનરલ મેનેજરશ્રી, GMRCL, બ્લોક નં.૦૧,પહેલો માળ, કર્મયોગી ભવન, નિર્માણ ભવનની પાછળ, સેક્ટર ૧૦/એ, ગાંધીનગર – ૩૮૨ ૦૧૦